# જેક્વારે અમદાવાદમાં ડિઝાઇન કોન્ક્લેવનું આયોજન કર્યું

**અમદાવાદ:** અગ્રણી બાથરૂમ અને લાઈટિંગ સોલ્યુશન્સ આપતી બ્રાન્ડ જેક્વાર જૂથે પૂણે બાદ હવે અમદાવાદમાં ડિઝાઈન કોન્ક્લેવની શરૂઆત કરી હતી. આ કોન્ક્લેવ અગ્રણી આર્કિટેક્ટ, બિલ્ડરો અને ઈન્ટિરિયર ડિઝાઈનર્સનેક મંચ પર લાવે છે. ડિઝાઈન કોન્ક્લેવની અમદાવાદની આવૃત્તિ માટેની થીમ 'રિથિન્કિંગ ટ્રેડિશનલ આર્કિટેક્ચર વિથ સ્માર્ટ ડિઝાઈન' હતી. અમદાવાદમાં જેક્વાર ગ્રૂપના પ્રમોટર અને ડાયરેક્ટર રાજેશ મહેરાએ જણાવ્યું હતું કે, "અમને ભારતના કેટલાક નામાંકિત આર્કિટેક્ટ્સનું ઘર ગણાતા અમદાવાદમાં ડિઝાઈન કોન્ક્લેવની બીજી આવૃત્તિ યોજવામાં આનંદ થાય છે. આ પહેલ પાછળનો વિચાર આર્કિટેક્ચરલ અને ઈન્ટિરિયર ડિઝાઈન જગતના નીતિના ઘડવૈયા ઉત્તમ વ્યવહારો, ઊભરતી વેપાર તક અને ભારતમાં ડિઝાઈનની બદલાતી ગતિશીલતા પર વિચારોનું આદાનપ્રદાન કરે તે માટે અનોખો જ્ઞાનમંચ નિર્માણ કરવાની છે.